બાલસાહિત્ય ગ્રંથમાળા ગ્રંથાંક ૫ મો.

ધર્મ પત્ની

લેખક અને પ્રકાશક,
મગજી દામજી શાહ,
ધાર્મિક શિક્ષક, શ્રી આણુ પી. પી. જૈન હાઇસ્કૂલ,
મુંબઇ.

ઈ. સ. ૧૯૨૯. બીજી આવૃત્તિ.
વીર સં. ૨૪૫૫. નકલ ૧૦૦૦.

મૂલ્ય ૧-૨-૦

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ–અમદાવાદ
મુદ્રક ગજાનન વિ. પાઠક

VISIT…

પ્રસ્તાવના

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
[ગુજરાતી કૉપીરાઇટ વિભાગ]
અનુક્રમાંક ૧૪૭૬૦ વર્ગાંક
પુસ્તકનું નામ ધર્મપત્ની
વિષય 5842542:72

ભાવજી દામજી શાહ.

આદર્શ પત્ની



કાર્યેષુ મંત્રી

ગૃહરાજ્યમાં પુરૂષ અને સ્ત્રીનો દરજ્જો વાસ્તવિક રીતે રાજા અને રાણી તરીકેનો ગણી શકાય. જેમ રાજ્ય સંભાળનારે અનેક બાબતો વિષે કાળજી રાખવાની છે તેમ ગૃહરાજ્ય સંભાળનારે પણ તે રાખવાની હોય છે.

ગૃહરાજ્યનો કારોબાર વ્યવસ્થાપૂર્વક ચાલે -તેમાં અંધાધુંધી ન ચાલવા પામે તે માટે પુરૂષોનો દરજ્જો એક રાજા જેવો હોવા છતાં ગૃહરાજ્યની ખરી અધિષ્ઠાત્રી કે રાણી તો સ્ત્રી જ હોઇ શકે છે.

ગૃહરાજ્યનાં કાર્યો વિધવિધ હોય છે. તેમાંનું કયું પહેલું કરવું અને કયું પછી કરવું એ પ્રથમની મંત્રણા કરવાનું મુખ્ય કાર્ય ગૃહરાજ્ઞી

ગણાતી સ્ત્રીનું જ છે. જેવી રીતે એક મંત્રી રાજ્યનું તંત્ર ચલાવવાની જવાબદારી માથે ઉઠાવે છે, તેવી જ રીતે ગૃહરાજ્યનાં તંત્રની જવાબદારી મુખ્યત્વે સ્ત્રી ઉપરજ રહેલી છે. પુરૂષ તો ગૃહરાજ્યનો નિભાવ કરવા માટે મુખ્યત્વે ધન ઉપાર્જન કરવાનાં કાર્યમાં મશ્ગુલ રહે છે—વ્યાપાર કે નોકરી વડે ધન મેળવવામાં તેના મનોવ્યાપાર ચાલી રહ્યા હોય છે. તેથી સીધી રીતે ગૃહરાજ્યમાં તેનો હાથ રહેતો નથી. અલબત, સ્ત્રી અને પુરૂષ પરસ્પર ગૃહ-રાજ્યનાં કાર્યોની યોગ્ય રીતે મંત્રણા ચલાવે છે ખરા; પણ તેનો પ્રધાનપણે અમલ તો સ્ત્રીથીજ થાય છે. પુરૂષનો હાથ જ્યારે પ્રધાન-પણે ધન ઉપાર્જન કરવામાંજ હોય છે, ત્યારે સ્ત્રીનો હાથ મુખ્યત્વે મેળવેલા ધનનો ગૃહરાજ્યમાં યોગ્ય ઉપયોગ કરવામાં હોય છે.

ઉપર પ્રમાણે પુરૂષ અને સ્ત્રીનાં મુખ્ય કાર્યો જૂદાં જૂદાં છે. તેથી જ્યાં સુધી તેઓ પોતાનાં ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રોમાં માથું મારતા નથી, ત્યાં સુધી તો તેનો કારોબાર

ઉત્તમ પ્રકારે થયા કરે છે. પણ સ્ત્રી અને પુરૂષ જો એકમેકનાં પ્રધાન કાર્યો ચૂકી જાય તો ગૃહરાજ્ય ચલાવવામાં જરૂર અંધાધૂંધી થઈ રહે. પુરૂષ જે ધન કમાઇ લાવે તેનો વિચાર-પૂર્વક ઉપયોગ સ્ત્રીએ કરવો જોઇએ. વાત-વાતમાં ગૃહકાર્યમાં સ્ત્રીએ પુરૂષનું ધ્યાન ખેંચવાની જરૂર નથી; પણ એક રાજ્યમંત્રી જેમ પોતાનાં કાર્યો યોગ્ય રીતે સંભાળી લે છે તેમ ગૃહરાજ્યનાં સર્વ કાર્યો સ્ત્રીએ સંભાળી લેવાં જોઇએ. આ સ્થળે ગૃહરાજ્યનાં કાર્યો ગણવાની જરૂર નથી, કારણ કે જૂદાં જૂદાં પુરૂષોની આવક વધૂ ઓછા પ્રમાણમાં હોય છે તેથી તેનો ઉપયોગ પણ તે મુજબજ કરવાનો હોય છે.

સંક્ષેપમાં કહીએ તો ગૃહરાજ્યનાં કાર્યોનો ભાર મુખ્યત્વે બીજાં કાર્યો માટેજ રોકાયલા પુરૂષ ઉપર નહિ લાદતાં ગૃહરાજ્ઞીએ જ ઉઠાવી લેવો યોગ્ય છે—કાર્ય વિભાગની વ્હેંચ-ણી નજરે જોતાં પણ એજ ન્યાયયુક્ત લાગે છે.

करणेषु दासी.

જેમ એક રાજ્યમાં હોય છે તેમ, ગૃહ-રાજ્યમાં પણ કાર્યની સિદ્ધિ માટે અનેક કારણો-સાધનો હોય છે. આ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાનાં કાર્યમાં ગૃહરાજ્ઞી એક સ્વંય-સેવિકાના દરજ્જા ઉપર મૂકાય છે. સ્વંયસેવિ-કાના સેવાભાવનું માપ જેમ કાઢી શકાય નહિ તેમ, ગૃહરાજ્યનાં સાધનોનો ઉપયોગ કરવામાં તે એટલી બધી પરોવાયલી રહે છે કે તેનું માપ કાઢવું પણ કઠણ થઇ પડે.

જેમ એક રાજ્યમાં સર્વ વસ્તુઓ પોત-પોતાનાં સ્થાનકે ગોઠવવામાં આવેલી હોયને જ શોભા આપે છે, તેમજ ગૃહરાજ્યમાંની સર્વ વસ્તુઓ ઉચિત સ્થાનકે ગોઠવવામાં અને તેમ કરીને ગૃહરાજ્યની શોભા અને ઉપયોગિ-તામાં વધારો કરવાનું કામ એક ઉદ્યોગપરાયણ સ્વયંસેવિકા જે સુંદર રીતે બજાવે છે તે રીતે

જ એક ગૃહરાજ્ઞી પણ સ્વયંસેવિકા બનીને બજાવતી હોય છે.

ગૃહરાજ્ય ચલાવવામાં મુખ્યત્વે જે સાધન —નાંણાંની જરૂર પડે છે, તે મેળવવાનો તેમજ તે દ્વારા ગૃહરાજ્યનાં ઉપયોગી સાધનો વસાવવામાં જેમ એક પુરૂષનો હિસ્સો રહેલો છે; તેમ આ સાધનોનો યથાસ્થાને ઉપયોગ કરીને તેને સાર્થક બનાવવાનો હિસ્સો એક ગૃહરાજ્ઞી ઉપર પણ રહેલો છે. આ પ્રકરણમાં 'દાસી' શબ્દનો અર્થ, નોકરડી કે ગુલામડી જેવો કરી બેસવાની રખે કોઇ ભૂલ કરતા! સ્ત્રી એ પુરૂષથી કોઇ રીતે ઉતરતા દરજ્જાની વ્યક્તિ નથી, તેથી પુરૂષ એ શેઠ, અને સ્ત્રી એ તેની નોકરડી એવો પક્ષપાતી, એક તરફી અને અયોગ્ય સંબંધ કલ્પી લેવાની ગેરસમજૂતી ન થઇ જાય તેની સાધવાની રાખશો. ભૂતકાળનાં તમારા મગજમાં કદાચ કોઇ રીતે ઠસ્યું હોય તો તેને સત્વર દૂર કરશો. કારણ કે ન્યાયની રીતે તો એમ કહી જ શકાય કેઃ—

પુરૂષ એ જો ઇશ્વર છે તો સ્ત્રી એ ઇશ્વરી છે,
પુરૂષ એ જો દેવ છે તો સ્ત્રી એ દેવીજ છે;

પુરૂષ એ જો રાજા છે તો સ્ત્રી એ રાણીજ છે,
પુરૂષ એ જો શેઠ છે તો સ્ત્રી એ શેઠાણી છે.

પ્રસંગોપાત્ કહેવું જોઈએ કે, આ આર્યાવર્તમાં વર્તમાનકાળમાં લગભગ દરેક સમાજમાં પુરૂષ જાતિએ સ્ત્રી જાતિને 'નબળી' માનીને તેના ઉપર જે અન્યાયો કર્યા છે અને કર્યે જાય છે. તેનું ભયંકર અને અનિષ્ટ પરિણામ એ આવ્યું છે કે, સમાજનું એક અંગ ગણાતી સ્ત્રીજાતિનો યોગ્ય વિકાસ ન થવા દઈને, તેમનાં શરીરને પક્ષાઘાતજ લાગુ પાડી તેમની તરફથી મળતી ઉત્તમ મદદો ગુમાવી બેઠા છે ! આ સામાજિક પાપમાંથી છુટવા માટે પુરૂષ–જાતે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર છે. પુરૂષજાતિ જો આ પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર જેટલી જાગૃતિએ આવ્યો હોય તો સમાજમાં સ્ત્રીજાતિને પુનઃ ગૌરવાન્વિત પદ ઉપર સ્થાપી તેની સાથે માનભરી રીતે વર્તન કરાવવાનું વલણ હસ્તગત કરે.

भोज्येषु माता.

ગૃહરાજ્યમાં ભોજન પ્રસંગે ગૃહરાજ્ઞીનો જે હરજ્જો છે, તે એક માતા તરીકેનો છે. એક માતા પોતાનાં સંતાનોને જે ખોરાક આપે છે તે પથ્ય અને હિતકર થાય તેવોજ આપે છે. ભોજનપ્રસંગ એ ગૃહરાજ્યનો એક અતિ અગત્યનો પ્રસંગ છે, જો આ પ્રસંગની ઉચિત સંભાળ લેવામાં આવતી નથી તો તેનું પરિણામ ઘણું હાનિકારક આવે છે.

એ સત્યજ વાત છે કે ભોજનનું તંત્ર જેના હાથમાં રહેલું હોય છે તેના જ હાથમાં આખા કુટુંબના મનુષ્યોનું જીવનતંત્ર પણ રહેલું હોય છે. કારણ કે તેમને જેવો ખોરાક તૈયાર કરીને આપવામાં આવે તેવા ગુણ-દોષ "જેવો આહાર તેવો ઓડકાર" નિયમ પ્રમાણે ઉત્પન્ન થવા પામે છે, એ નિર્વિવાદ વાત છે.

ભોજનપ્રસંગમાં એક આર્યગૃહિણીને માતૃધર્મનાં પદ ઉપર બેટલા માટેજ મૂકવામાં

આવે છે કે, તે પદ પૂર્ણ જવાબદારીવાળું છે. ભોજન અને તેનાં પરિણામ એ પ્રશ્ન વિષે જેટલો વિચાર એક આર્યમાતા કરતી હશે તેના સોમા ભાગે પણ બીજાઓ ભાગ્યે જ વિચાર કરતા હશે.

ભોજનપ્રસંગે ગૃહરાજ્ઞીને માતાનું સ્થાન આપવાનું એક કારણ એ પણ છે કે, એક આર્યમાતા ભોજનનો પ્રસંગ જેવાં પ્રેમ, વ્હાલ અને વાત્સલ્યથી સાચવે છે તેવાં પ્રેમ, વ્હાલ કે વાત્સલ્ય તેની સિવાય બીજામાં કોઈમાં સંભવતાંજ નથી, કારણ કે ભોજનના તેમજ બીજા પ્રસંગોમાં પણ ઉપરના ગુણો એક આર્યગૃહિણીમાં જન્મસિદ્ધપણે રહેલા હોય છે. ભોજનપ્રસંગે એક આર્યપત્નીએ માતૃધર્મ ધારણ કરવાની એટલા માટે જરૂર છે કે, એક માતા તરીકે ભોજન કરાવવાથી પતિનાં શરીરની જે રીતે સંભાળ લઈ શકાય છે, તેવી સંભાળ બીજી કોઇ રીતે લઈ શકાતી નથી. ભોજન એ શરીરનાં બંધારણમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવતું હોવાથી આ કાર્ય ઉત્તમોત્તમ રીતે થાય તે ઘણું જરૂરનું છે.

ખેદની વાત છે કે, આજે ઘરમાં ઉત્તમ પ્રકારનું ભોજન મળી શકે તેમ હોવા છતાં ઘણા યુવાનોને બહારની બજારૂ વાનીઓ લાવવી પડે છે અને ખાવી પડે છે! આનું કારણ સ્પષ્ટજ છે અને તે એ કે આર્યપત્નીએ ભોજનપ્રસંગે જે માતૃધર્મ ધારણ કરવાનો છે તે વિસરી જવાયો છે તે છે. આમ મુખ્યત્વે બજારૂ વસ્તુઓ ખાવાના ચસ્કામાં પડેલો આજનો યુવાન વર્ગ પોતાનાં તન, મન અને ધનનીજ ખરાબી કરી રહ્યો છે એમજ નથી; પરંતુ પોતાની ભાવી પ્રજાને પણ આ વિનાશના માર્ગ તરફ ઘસડી રહ્યો છે એ પણ તેટલાજ ખેદની વાત છે! આજના યુવાન વર્ગને મુખ્યત્વે ઘરનાં ભોજન તરફ વાળવાનું કાર્ય એક માતાથી અવશ્ય કરી શકાય છે; પરંતુ આવા પ્રકારના સંસ્કારો આજની કન્યાને આપવામાં નથી આવતાં તેજ આ ધર્મની હાનિનું પરિણામ છે. આ પ્રકરણ ઉપરથી એક આર્યપત્ની સમજી શકશે કે ભોજન પ્રસંગે માતૃધર્મ ધારણ કરવો કેટલો જરૂરનો છે.

शयनेषु रम्भा.

ગૃહરાજ્યમાં શયનગૃહમાં આર્યગૃહિણીનું સ્થાન એક અપ્સરા યાને દેવકન્યા તુલ્ય મનાય છે. અપ્સરા, રંભા અને મેનકા વગેરે સ્વર્ગીય સ્ત્રીપાત્રો ગણાય છે. તેઓ સ્વર્ગમાં જેમ સુખનું વાતાવરણ વિસ્તારી મૂકે છે, તેમ માનવ જાતિની અપ્સરા તુલ્ય ગણાતી આર્ય-ગૃહિણીએ શયનગૃહમાં સુખનું વાતાવરણ વિસ્તારી મૂકવામાં કચાશ રાખવી ઘટે નહિ.

શયનગૃહમાં ઉપયોગમાં લેવાની સર્વ સામગ્રી ઉત્તમ પ્રકારની તેમજ સ્વચ્છ જોઇએ. તળાઈ, ઓછાડ અને ઓશીકાં વગેરે સાહિત્યો સુંદર હોવાં જોઇએ, ઉપરાંત શયન-ગૃહમાં ખુલ્લી હવા આવવાનાં પુષ્કળ બારી-બારણાં પણ જરૂરનાં છે. આખું શયનગૃહ સુગંધી પુષ્પોથી અને ગુલાબજળ વગેરેની ખુશબોથી મઘમઘી રહેવું જોઇએ.

આર્યગૃહિણીનું શયનગૃહ એવું તો સુંદર હોય કે જાણે તે સ્વર્ગજ છે. આર્યગૃહિણીનાં રાત્રે પહેરવાનાં વસ્ત્રો સ્વચ્છ, સુગંધવાળાં અને આકર્ષક હોવાં જોઇએ.

ગૃહરાજ્યમાં શયનગૃહ સુંદર અને સુખકારક એટલા માટે બનાવવું જોઇએ કે, તેમાં સ્ત્રી અને પુરૂષનાં જીવનનો અર્ધો વખત પસાર થવાનો હોય છે.

ગૃહરાજ્યનાં શયનગૃહમાં જ્યારે દંપતી દાખલ થાય ત્યારે તેમણે પરસ્પરનો ખરા અંતઃકરણપૂર્વક સત્કાર કરવો જરૂરનો છે. ત્યારપછી પ્રસંગને અનુસરતાં મધુર વચનોથી વાર્તાલાપ પણ કરવો ઘટે છે. આ વાર્તાલાપ માત્ર સ્નેહમાં વધારો કરે છે એમજ ન માનતાં પરસ્પરના વિનોદમાં, જ્ઞાનમાં અને અનુભવમાં પણ વધારો કરે છે.

ગૃહરાજ્યમાં ગૃહ પોતેજ જ્યારે દંપતીનું એક ખરેખરૂં વિશ્રામસ્થાન છે ત્યારે એક શયનગૃહ તો તેવું કેમ ન હોય ? અવશ્ય.

હોય. આવાં વિશ્રામસ્થાનમાં ઉભયપાત્રોને સર્વ પ્રકારે વિશ્રાંતિજ મળવી જોઇએ. સ્ત્રી અને પુરૂષ–ઉભયનો સર્વ પ્રકારનો બોજો ઉતારવામાં આ સ્થાન મદદગાર થઈને શાંતિનું સામ્રાજ્ય પ્રસારનાર થવું ઘટે છે.

જ્યારે શયનગૃહમાં ઘણાં સ્ત્રી–પુરૂષો પ્રસંગ વગરની અને નિર્માલ્ય વાતો કરે છે ત્યારે તેમનો બોજો ઘટાડવાને બદલે શયન-ગૃહ એ બોજો વધારવાનું જ સ્થાન થઇ પડે છે. આ તેમની અજ્ઞાનતાનું જ પરિણામ છે. સંસ્કારી દંપતીએ તો શયનગૃહમાં સુખ, આનંદ અને વિનોદનું જ વાતાવરણ રચાય તેવોજ વાર્તાલાપ કરવો જરૂરનો છે.

ગૃહરાજ્યનાં જે શયનગૃહમાં સ્ત્રી–પુરૂષે રાત્રિ પસાર કરવાની હોય છે અર્થાત્ જીવનનો અર્ધોકાળ જે સ્થાનમાં ગાળવાનો હોય છે તે સ્થાન આળસ કે બેદરકારીને લીધે કોઇપણ પ્રકારની ઉણપવાળું રાખી શામાટે આનંદ ગુમાવવો જોઇએ ?

તમારૂં શયનગૃહ અને તેટલું સ્વચ્છ રાખો,

તેમાંનાં સર્વ સાહિત્યો ઉત્તમ પ્રકારે યથાસ્થાને બરાબર ગોઠવો. શયનગૃહ, એટલે તેમાં શયનજ કરવું એવો તેનો સંકુચિત અર્થ ન કરતાં તેમાં વિનોદાત્મક નવલકથાનાં ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ પણ રાખી શયનગૃહમાં રાત્રીના પ્રથમ ભાગમાં તેવા પુસ્તકોનું વાચન કરીને પણ વિનોદમાં વધારો કરી શકાય.

ઉપર પ્રમાણે તમારૂં નમુનેદાર શયનગૃહ બનાવી તેમાંથી પણ જીવનનો વાસ્તવિક આનંદ મેળવી શકાય તેમ છે.

ધર્માનુકૂલા.

ગૃહરાજ્યના જે ધર્મો છે, યા તો ગૃહરાજ્ય પ્રતિના જે કર્ત્તવ્યો છે તેને એક ગૃહરાજ્ઞીએ અનુકૂળ થવાની જરૂરીયાત વિષેનું આ પ્રકરણ છે.

પ્રધાનપણે ગૃહરાજ્યનું તંત્ર ગૃહરાજ્ઞીના હાથમાં મૂકવામાં આવ્યું હોવાથી આ ગૃહરાજ્યના ધર્મો તરફ લક્ષ આપવાનું પ્રધાનકર્તવ્ય પણ ગૃહરાજ્ઞીનુંજ લેખાશે; છતાં ગૃહપતિ સાથે ઘટતી મંત્રણા ધારે ત્યારે જરૂર કરી શકે છે.

ગૃહરાજ્ઞીએ જે ધર્મો બજાવવાના છે, તેના અનેક પ્રકારો છે. તેમાંના કેટલાક વ્યક્તિગત હોય છે અને કેટલાક સામાજિક પણ હોય છે. એકંદર શારીરિક, માનસિક, નૈતિક, ધાર્મિક, વ્યાવહારિક, આર્થિક અને કૌટુંબિક જે જે ધર્મો છે તેનો પણ પ્રસંગ આવ્યે વિચાર કરી યોગ્ય અમલ કરવાનો હોય છે. ઉપરના ધર્મો તરફ ઉપેક્ષા વૃત્તિ લગારે ન બતાવતાં તેમને

અનુકૂળજ થવાનું હોય છે. આ ધર્મો તરફ સહજ પણ પ્રતિકૂળતા બતાવવામાં આવે તો તેની સીધી અને આડકતરી અસર ગૃહરાજ્ય સુધી અવશ્ય પહોંચે છે.

ઉપરના વિવિધ ધર્મોનું જ્ઞાન કંઈ થોડા દિવસમાં કે થોડી રાત્રિઓમાં મળી જતું નથી, પણ તે મેળવવાને મહીનાઓ અને વર્ષો લાગે છે.

જે ગૃહરાજ્ઞીને જે પ્રસંગે જે ધર્મ બજાવવાનો હોય તે પ્રસંગે જો તે, તે વિષયનાં ઉંડાણમાં ઉતરે તો તેમાંથી ઘણો અનુભવ મેળવી શકાય એ સ્વતઃસિદ્ધ છે.

ઉપર ગણાવેલા જૂદા જૂદા ધર્મોનું સ્વરૂપ કેવું છે અને તે આવી રીતે બજાવવા એ વિષે વધુ વિસ્તારથી હકીકત લખવા બેસાય તો એક મોટો ગ્રંથ લખાય તેમ છે, તેથી આવો વિસ્તાર અહિં અપ્રાસંગિક ગણીને કરવો ઉચિત ધાર્યો નથી.

આ વાત એક ગૃહરાજ્ઞી કે ગૃહપતિએ ખાત્રીપૂર્વક સમજી રાખવા જેવી છે કે, પોતે જ્યાં સુધી પોતપોતાના ધર્મના પાયા ઉપર ઉભા છે ત્યાં સુધી તેઓ સાચા પુરૂષ–સ્ત્રી

છે–મનુષ્ય છે. પણ જે સમયે એ ધર્મોથી ભ્રષ્ટ થયા તે સમયે તેઓમાંનું કોઇ એકનું મૂલ્ય એક બદામ જેટલું પણ આંકી શકાય નહિ.

ભગવાન્ શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કેઃ–

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः

અર્થાત્–પોતાનો ધર્મ બજાવતાં મૃત્યુ આવે એ શ્રેયસ્કર છે, પણ ધર્મભ્રષ્ટ થવું એ તો ભયંકર જ છે.

ધર્મોને અનુકૂળ થનાર સ્ત્રી હો કે પુરૂષ હો, પણ તેમનું કદિ પણ અકલ્યાણ સંભવે નહિ, કારણ કે ધર્મ પોતે એવી વસ્તુ છે કે, સ્ત્રી હો કે પુરુષ હો, બાળક હો કે બાલિકા હો તે કોઇને પણ ધારણ કરી રાખે છે— ટકાવી રાખે છે અને તેમને પડવા ન દેવા એજ ધર્મનું કર્તવ્ય છે. આ ઉપરથીજ ધર્મને શાસ્ત્રકારોએ એક રક્ષક તરીકે, એક મિત્ર તરીકે અને એક બંધુ તરીકે ગણાવ્યો છે.

ધર્મનું ઉપર મુજબ સ્વરૂપ હોવાથી તેને અનુકૂળ વર્તી ચાલવાથી જીવન અને સર્વસ્વનું રક્ષણ થાય છે.

ક્ષમયા ધરિત્રી.

ગૃહરાજ્ય ઉત્તમરીતે ચલાવનાર મનુષ્યે ક્ષમાનો ગુણ કેળવવો અતિ જરૂરનો છે. કારણ કે એક ગૃહમાં ઘણા મનુષ્યો હોય છે. તેમને પરસ્પર થતી અથડામણ અટકાવવામાં 'ક્ષમા' ગુણ જેવો કાર્યસાધક નીવડે છે તેવો બીજો ભાગ્યે જ કોઇ હશે. ગૃહરાજ્યમાં 'ક્ષમા' ગુણ યોગ્ય રીતે નહિ કેળવેલો હોવાથી જ સેંકડો ગૃહો પાયમાલ થયાના દાખલાઓ છે.

ગૃહરાજ્ય ચલાવવામાં આ ગુણ બેશક, મદદગાર થાય છે ખરો; પરંતુ તેનો અર્થ એવો તો ન જ થઇ શકે કે ગૃહરાજ્યની મુખ્ય અધિષ્ઠાત્રી ધર્મપત્નીએ અયોગ્ય પ્રસંગે પણ ક્ષમા ગુણ બતાવવો. જ્યારે પોતાની ઉપર કે કુટુંબના આશ્રિત જનોની ઉપર ગુન્હા વગર પણ અન્યાય થતા હોય ત્યારે તો ક્ષમાને દૂર કરી તેનો યોગ્ય પ્રતિકાર કરવો

ઘટે છે. કારણ કે અયોગ્ય રીતે થતા અત્યાચારો નબળાઈ બતાવી અમી લેવા એ મનુષ્યને તો લાંછનરૂપ જ છે.

ક્ષમા ગુણ પોતાનાં સ્થાનમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે તેથી તે વિષે શિષ્ટ પુરૂષોએ કહ્યું છે કેઃ—

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति.

અર્થાત્–ક્ષમારૂપ હથિયાર જેણે ધારણ કર્યું છે તેને દુર્જન શું કરવાનો છે? કંઈજ નહિ.

બીજે ઠેકાણે એમ પણ છે કે–क्षमा वीरस्य भूषणम्.

અર્થ-ક્ષમા એ વીરનું-[વીરાંગનાનું પણ] ભૂષણ છે. ઉપલી ઉક્તિઓનું ઉંડું રહસ્ય તો એટલે સુધી છે કે જે માણસમાં વાસ્તવિક રીતે ક્ષમાગુણ ખીલવા પામ્યો છે તેનો આ જગતમાં કોઇ શત્રુ શોધ્યો જડે તેમ નથી! આ ગુણના દાખલા માટે દૂર શા માટે જવું જોઇએ, ક્ષમાના ભંડાર રૂપ ગણાતા મહાત્મા ગાંધીનેજ

જુઓ, તેમાનામાં આ ગુણ ખીલેલો હોવાથી કરોડો હિંદીઓ તો નમે છે, ઉપરાંત યૂરોપ, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ચીન, ઇટાલી વગેરે પરદેશના લોકો પણ તેમના આ ગુણની કદર રૂપે તેમની તરફ ભક્તિભાવ બતાવી રહ્યા છે. જ્યારે આ ક્ષમા ગુણ સર્વ ગુણોમાં મુખ્યપદ ધરાવે છે ત્યારે ગૃહતંત્ર ચલાવવા માટે ગૃહરાજ્યની અધિષ્ઠાત્રીમાં તો આ ગુણ હોવોજ જોઇએ એમાં સંશયજ હોય કેમ ? જ્યાં ક્ષમા ગુણ છે ત્યાં સંસારના દુઃખોનું મૂળ ગણાતો કલેશ તો ઉભોજ રહેવા પામતો નથી. આ ગુણનું એવું સર્વોપરિપણું હોવાથી જૂનો ગૃહકલેશ પણ નાશ થઇ શાંતિનો વિસ્તાર થાય છે.

આ પ્રસંગે અહિં કહેવું જોઇએ કે ક્ષમા ગુણ એ સદ્‌ગુણ હોવા છતાં તેનો ઉચિત ઉપયોગ જો ન કરવામાં આવે તો તે દુર્ગુણ પણ બની જાય છે. હિંદુ સંસારમાં હાલમાં કેટલીક સાસુઓ, નણંદો અને જેઠાણીઓ, વહુ તરફ એટલું અસમાન વર્તન ચલાવે છે

કે જેના દુષ્ટ પરિણામો જગજાણીતા છે. તમારી વર્તમાન સાસુઓ, નણંદો કે જેઠાણીઓ અરે! તમારા પતિ તરફથી પણ કદાચિત્ તમારી ઉપર અત્યાચાર થાય તો તે ખમી લેવા જેવી ક્ષમાવૃત્તિ-નિર્બળતા બતાવવાની તમારે લગારે જરૂર નથી, યાદ રાખજો કે તમે મનુષ્ય છો, પશુ નથી, મનુષ્ય હોઇને આવો નિર્બળતા બતાવશો તો જરૂર તેઓ તેનો લાભ લેવા ચૂકશે નહિ. આમ હોવાથી આ ક્ષમા ગુણનું રહસ્ય પૂરેપૂરું સમજવાની જરૂર છે. જો કે આજે આ ક્ષમાવૃત્તિ એ નબળાઇનું ચિન્હ ગણાય છે, કારણ એ છે કે ક્ષમા જેવું ઉત્તમપ્રતિનું હથિઆર અયોગ્ય જનોનાજ હાથમાં આવેલું છે. ખરી રીતે ક્ષમા એ સબળ જનોનું ભૂષણ છે તેથી તેનો ઉપયોગ યથાપ્રસંગે જ કરવાનો હોય છે.

અમદાવાદમાં પુસ્તકના પ્રુફ
સુધરાવવાનું ઠેકાણું:—
વાડીલાલ કાકુભાઇ સંઘવી
સારંગપુર—તળીયાની પોળ.

સત્વર મંગાવો જલદી કરો

બાલસાહિત્ય ગ્રંથમાળાનાં નવ પુસ્તકોનો

સેટ

માત્ર રૂપીઆ બે માંજ [પોસ્ટેજ માફ]

જલદી મેળવી લો.

		રૂ.	આ.	પા.
૧	કુમારિકા ધર્મ	૦	૪	૦
૨	કુમારિકાને પત્રો	૦	૪	૦
૩	જીવનચર્યા	૦	૪	૦
૪	જ્ઞાનપંચમી	૦	૪	૦
૫	જૈન કાવ્ય પ્રવેશ	૦	૪	૦
૬	લગ્ન રહસ્ય	૦	૪	૦
૭	નીતિ પ્રવેશ	૦	૩	૦
૮	વર્તમાન સ્ત્રી જીવન	૦	૩	૦
૯	આર્ય કુમારિકા	૦	૨	૦
		૨	૦	૦

લખોઃ **માવજી દામજી શાહ**

કામાલેન, ઘાટકોપર

ગ્રંથમાળા–લગભગ અર્ધોલાખ ઉપરાંત

પુસ્તકો

આ ગ્રંથમાળાના લગભગ અર્ધોલાખ ઉપરાંત
પુસ્તકો આજ સુધીમાં અનેક શાળાઓમાં
પાઠશાળાઓમાં તેમજ કન્યાશાળાઓમાં
ઈનામ તરીકે અપાઇ ચૂકયાં છે.
પુસ્તકોની ભાષા સાદી, સરળ અને
હૃદયંગમ હોઇને નાના
બાળકથી માંડીને મોટી
ઉમરના સ્ત્રી પુરૂષો
અતિ પ્રેમપૂર્વક
વાંચે છે.

વિશેષ હકીકત માટે નીચેનાં સરનામે અર્ધા
આનાની ટીકીટ મોકલી સૂચીપત્ર મંગાવી લો.

ભાવજી દામજી શાહ

કમાલેન, ઘાટકોપર